*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

TOPIC 78

## GI ટેગ




ચર્ચામાં શા માટે ?

ટેરાકોટા, બ્લેક રાઈસ અને કેસર વિશે :

GI ટેગ વિશે :-

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

TOPIC-78નો
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in t.me/icerajkotofficial 9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- તાજેતરમાં મણિપુરના ચાક-હાઓ એટલે કે કાળા ચોખા (Black Rice), ગોરખપુરના ટેરાકોટા અને કાશ્મીરી કેસરને GI ટેગ આપવામાં આવ્યો

## ટેરાકોટા, બ્લેક રાઈસ અને કેસર વિશે :

- ગોરખપુરની ટેરાકોટા કૃતિ સદીઓ જૂની કળા છે જયાં સ્થાનિક કારીગરો ઘોડા, હાથી, ઊંટ, બળદ, બકરી વગેરે જેવા વિવિધ પ્રાણીઓની માટીની આકૃતિ બનાવે છે.
- આખુ કામ હાથથી જ કરવામાં આવે છે. અને રંગ માટે કુદરતી રંગનો ઉપયોગ કરે છે જે લાંબા સમય સુધી ચાલે છે. અહીં 1000થી વધુ ટેરાકોટા બનાવવામાં આવે છે.
- ચાક-હાઓ એટલે કે કાળા ચોખા (Blck Rise) એ એક સુગંધિત ખાઉધરા ચોખા છે જેની સદીઓથી મણિપુરમાં ખેતી કરવામાં આવે છે.
- તેનો ઉપયોગ સામાન્ય રીતે સમુદાયના પ્રસંગો અને તહેવારોમાં થાય છે. અને આ પ્રસંગોમાં ચાક-હાઓની ખીર બનાવવામાં આવે છે.
- આ ઉપરાંત તેનો ઉપયોગ તબીબી પ્રણાલીમાં પણ કરવામાં આવે છે.
- ચાક-હાઓનો GI ટેગ પ્રાપ્ત કરવા માટે ‘ચાક-હાઓ ઉત્પાદન સંઘ (Consortiuym of Producers of Chak-Hao) દ્વારા અરજી કરવામાં આવી હતી. જ્યારે ગોરખપુરના ટેરાકોટા માટેની અરજી ‘લક્ષ્મી ટેરાકોટા મૂર્તિકલા કેન્દ્ર’ દ્વારા કરવામાં આવી હતી.
- જમ્મુ અને કાશ્મીર સરકારના કૃષિ નિયામક મંડળ દ્વારા કાશ્મીરી કેસરને GI ટેગ આપવા માટે અરજી કરવામાં આવી હતી.
- કાશ્મીરી કેસરનો ઉપયોગ સુગંધિત મસાલા તરીકે થાય છે. તેમજ ઔષધિય ગુણધર્મો પણ તેમા હોય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- એવું માનવામાં આવે છે કે કાશ્મીરમાં મધ્ય એશિયાના વસાહતીઓ દ્વારા કેસરની ખેતી શરૂ કરવામાં આવી હતી.
- તે વિશ્વનું એકમાત્ર કેસર છે જે સમુદ્ર સપાટીથી 1,600થી 1800 મીટરની ઊંચાઈએ ઉગાડવામાં આવે છે. વિશ્વમાં કાશ્મીરી કેસર જ એક માત્ર એવું કેસર છે કે જે આટલી ઊંચાઈ પર ઉગાડવામાં આવે છે.
- કેસરની ખેતી ખાસ પ્રકારની 'કારેવા' જમીનમાં થાય છે.
- કાશ્મીરી કેસરના ત્રણ પ્રકાર હોય છે, લચ્છા કેસર, મોંગરા કેસર અને ગુચ્છી કેસર.

## GI ટેગ વિશે :-

- GI ટેગમાં GIનું પૂરું નામ 'Geographical Indication' છે.
- GI ટેગ એ કોઈ વસ્તુ કે ઉત્પાદનની વિશિષ્ટ ભૌગોલિક ઓળખ દર્શાવે છે.
- GI ટેગ એવી વસ્તુને આપવામાં આવે છે કે જે કોઈ વિશિષ્ટ ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરતી હોય તથા કોઈ વિશિષ્ટ સ્થળે જ તે જોવા મળતી હોય અથવા તો તેનું મૂળ સ્થાન હોય.
- GI ટેગનું રજીસ્ટ્રેશન 10 વર્ષ માટે કરવામાં આવે છે. ત્યારબાદ તેને રીન્યુ કરવું પડે છે.
- ભારતમાં સૌપ્રથમ પશ્ચિમ બંગાળની દાર્જિલિંગ ચાને GI ટેગ મળ્યો હતો.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT